# જાગૃતિ સંદેશ
# JAGRUTI SANDESH

RNI No. 66215/96 Vol. 25 Issue: 7 Mumbai JULY 2021 Pages: 24 Prize: ₹ 5

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર














## ચાતુર્માસના મંગલ વધામણાં



# સમસ્ત જૈન સમાજ માટે ખુશખબર...

## જેમ ટુર્સ દ્વારા નિર્મિત ફાઈવસ્ટાર રિસોર્ટ કલબ તથા રેસીડન્સ

Paraíso

# THE PARAISO CLUB

*Club & Residence*

નું શાનદાર ઓપનીંગ જેજેસી સેન્ટ્રલબોર્ડ ના ભૂતપૂર્વ ચેરમેન
તેમજ જૈન સમાજના અગ્રગણ્ય શ્રી રમેશભાઈ જે.મોરબીયા
ના હસ્તે તા.૧૮.૭.૨૦૨૧ ના રોજ થયેલ છે

મુંબઈ થી ફકત ૧૦૦ કિ.મી.,ઘાટકોપર થી ૯૦,મુલુંડ થી ૮૦ કિ.મી.
ચારે તરફ ગાઢ જંગલો,વિશાળ કુંદન લેક ને અડીને પર્વત ના શિખર ઉપર
ફકત ૩૦૦ દિવસ માં 100% શાકાહારી ભોજન સહ નિર્માણ થયેલ છે.




## લગ્ન,હોલીડે,સ્પોર્ટસ,કોન્ફરન્સ માટે મુંબઈ થી નજીક સુંદર રમણીય સ્થળ...

ફાઈવસ્ટાર રિસોર્ટ માં વીલા ખરીદવા ઈચ્છુક લોકો માટે **2nd HOME** બે પસંદગીઓ માં :

## WATER VILLA , ROYAL VILLA

GEM The Luxury Tour Co

વધુ વિગત માટે સંપર્ક

**9322216626 - 9820558988**

Paraíso

Ad Art

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ**

કેબિનેટ કમિટી ૨૦૨૦-૨૦૨૧

❖ ચેરમેન ❖
શ્રી પ્રફુલ્લ વી. કામદાર

❖ તા.ભૂ.પૂ.ચેરમેન ❖
શ્રી સંજય બી. શાહ

❖ વાઈસ ચેરમેન ❖
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી વિનોદ એ. જૈન

❖ સેક્રેટરી જનરલ ❖
શ્રી જયંતીભાઈ કે. છાડવા

❖ સેક્રેટરી ❖
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી અનિલ જી. દોશી
શ્રી મીતેષ એમ. અંબાવી
શ્રી ભાવિન જે શાહ

❖ ડેવલપમેંટ સેક્રેટરી ❖
શ્રી રાજેશ સી. ગાંધી

❖ ખજાનચી ❖
શ્રી રાજેશ આર. ભણસાલી
શ્રી પ્રફુલ પી મહેતા

❖ માનદ્ તંત્રી ❖
શ્રી ચંદ્રકાંત એફ. શાહ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/ ૦૨૨-૬૬૯૫૬૬૯૯
Website : www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

**છૂટક મૂલ્ય રૂા.૫/-**
**વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**

ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી
શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી

તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી
શ્રી કિશોર એન. શાહ

વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી
શ્રી રમેશ જે. મોરબિયા

વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી
શ્રી સંજય બી. શાહ

સેક્રેટરી / કાયમી ટ્રસ્ટી
શ્રી પ્રફુલ્લ વી. કામદાર

સેક્રેટરી / ટ્રસ્ટી
શ્રી અમિત ડી. કોઠારી

ખજાનચી / ટ્રસ્ટી
શ્રી હસમુખ કે. દેઢિયા

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ,
શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી
શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી અનિલ જી. દોશી
શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી રાજેશ આર. ભણસાલી

(ટ્રસ્ટી)
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી શૈલેષ ડી. શાહ
શ્રી જયંતી કે. છાડવા
શ્રી ધર્મેશ એસ. જૈન
શ્રી ચંદ્રકાંત એફ. શાહ

આમંત્રિત
શ્રી દિનેશ વ્હી. શાહ
શ્રી કિરણ એચ. શાહ
શ્રી રસિક એન. કોઠારી
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી કીર્તિ કે. શાહ
શ્રી મુકેશ સી. શાહ
શ્રી મહેંદ્ર પી. શાહ
શ્રી રમેશ જી. લાખાણી

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો,**
**ભાઈઓ તથા બહેનો -**
**બાળકો,**
**જય જિનેન્દ્ર!**

છેલ્લા લગભગ સોળ મહિનાથી સમગ્ર દેશ અને દુનિયામાં કોરોના વાઈરસની મહામારી આપણી આજુ બાજુ એક અકળ રહસ્યના તાણાવાણાથી સૌને અલગ અલગ રીતે જકડી રાખેલ છે. છેલ્લા લગભગ ૧૦૦ વર્ષમાં કોઈએ ના જોયેલ હોય એવી પરિસ્થિતિનો આપણે સામનો કરી રહ્યા છીએ. દરરોજ આપણે આ મહામારી વિષે અલગ અલગ સ્તોત્રોથી વિવિધ પ્રકારની માહિતીઓ મેળવી રહ્યા છીએ. દરરોજ નવા પ્રકારના નુસખાઓ અજમાવી આ મહામારીનો મક્કમપણે સામનો કરી રહ્યા છીએ. આ મહામારીથી બચવાની હજુ સુધી કોઈ કારગર દવા - ઉપાય કોઈને પણ જડેલ નથી.

છેલ્લા છ મહિના દરમ્યાન કોવિડ વેક્સિનના આગમનથી થોડી રાહતની લાગણી થયેલ છે. દુનિયાભરના વિવિધ દેશોએ અલગ અલગ પ્રકારની રસી બનાવી ઉપયોગ માટે ઉપલબ્ધ કરાવેલ છે છતાં હજુ સુધી તેની ૧૦૦% અસરકારકતા કોઈપણ સાબિત કરી શક્યું નથી. તેમ છતાં હાલના તબક્કે રસી લેવી એ જ એક રાહતનો સંદેશ છે. અમે પણ આપ સહુ સભ્ય પરિવારોને એક જ વિનંતી કરીએ છીએ કે આપ સૌ શક્ય તેટલું જલ્દી રસી લઈને પોતાને સુરક્ષિત કરશો. રસી લીધા બાદ પણ સરકાર દ્વારા સૂચવેલ ખબરદારીના પગલાંને નેવે મૂકશો નહિ. માસ્ક, સેનેટાઈઝરનો ઉપયોગ, શારિરીક અંતર રાખી બહાર નીકળવું, વિગેરે જેવા નિર્દેશોનું અચૂકપણે પાલન કરી આપણા દેશવાસીઓ તથા સમાજની રક્ષાનું હિત જાળવશો એવી વિનંતી.

આ સહુની સાથે આપણે સૌએ માનસિક રીતે પણ સંતુલન જાળવી - સકારાત્મક અભિગમ કેળવીને આ મહામારીનો મુકાબલો કરવાનો છે. આ મહામારીનો સંપૂર્ણ અંત ક્યારે આવશે એ હાલના તબક્કે કહેવું મુશ્કેલ છે. આપણે સૌએ આપણા કુટુંબ પરિવારના અન્ય સભ્યો-જેમકે નાના બાળકો, ઉંમર લાયક વડિલો વિગેરે સાથે બેસી-યોગ્ય સમય ફાળવી અને રચનાત્મક સૂચનો દ્વારા એ સૌમાં પણ સકારાત્મક અભિગમ (Positive Attidue) નું રોપણ કરવાનું છે. આપણે સૌ જાણીએ

છીએ કે છેલ્લા સોળ મહિનાના ગાળામાં લગભગ દરેક પરિવારને વ્યાપાર-રોજગાર વિગેરેમાં અવરોધને કારણે આર્થિક સંકડામણનો સામનો કરવો પડ્યો છે. આવા સમયે આપણે આપણા જૈન ધર્મના સંસ્કારોને દિપાવી આપણા સાધર્મિક બંધુની શક્ય તેટલી મદદ – તન, મન, ધનથી કરવાની જરૂર છે. કહેવાની જરૂર નથી કે આપણા જેજેસીના સભ્ય મિત્રો આ પ્રકારની સેવા કરી જ રહ્યા છીએ. છતાં કોઈ જરૂરિયાતમંદને હજુ પણ કોઈ પ્રકારની અગવડતા હોય તો તેનો હાથ પકડી તેને આ કપરા સમયમાંથી બહાર લાવવા તમારાથી બનતું બધું જ કરી છૂટશો એવી અમારી અંતરની અરજી.

હજુ પણ દેશના વધુ હિસ્સાઓમાં શાળા-કોલેજો નિયમિત રૂપે ચાલુ નથી થયા. આવા સમયે બાળકો-યુવાનો પોતાના સમયનો સદ્ઉપયોગ કરે અને અન્ય કોઈ ગેરમાર્ગે ન ફંટાય જાય એની તકેદારી રાખવાનો આ સમય છે. આપ સૌ પણ આપના પરિવારના સભ્યો માટે યોગ્ય તકેદારી રાખી જ રહ્યા હશો. આ યુવાવર્ગ આજકાલ ટેક્નોલોજીનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે. પણ આ ટેક્નોલોજીનો ઉપયોગ તેઓ રચનાત્મક અને સકારાત્મક દિશામાં ઉપયોગ કરે એની કાળજી લેવાની ફરજ સૌ વડિલોની-માતા પિતાની છે. દેશ અને દુનિયા વિષે નવી જાણકારીઓ મેળવી એનો આપણા સમાજ અને દેશના હિત માટે ઉપયોગ કરવો જોઈએ.

બીજું આ મહામારીના સમયમાં માનસિક તથા શારિરીક સંતુલના જાળવવા યોગ્ય કસરત, યોગા, વિગેરે પણ ખૂબ જ આવશ્યક છે. ગયા મહિને આપણે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી અને દુનિયાને આપણા દેશની એક અણમોલ ખોજ – યોગશાસ્ત્રથી માનસિક અને શારિરીક સંતુલના જાળવણી માટે લોકોને પ્રેરણા આપી જાગૃત કર્યા. પણ આ જાગૃતિ ફક્ત એક દિવસે માટે ન કરતા સમગ્ર વર્ષના ૩૬૫ દિવસ આનો અભ્યાસ કરી આપણે સૌએ આપણી શારિરીક તથા માનસિક તંદુરસ્તીનું ધ્યાન રાખવું જોઈએ. કારણકે અત્યારના આ કોરોના જેવી મહામારીના કપરા કાળમાં માનસિક અને શારિરીક સંતુલન ખૂબ જ જરૂરી છે.

આ અંક આપના હાથમાં આવશે ત્યારે મહા મંગલકારી ચાતુર્માસની શરૂઆત થઈ ગયેલ હશે. આપ સૌ સભ્યોને ચાતુર્માસ માટે મંગલ શુભકામના. આપ સૌને માટે આપના આત્માનું કલ્યાણ સાધવાના આ મહામૂલા દિવસો છે. આ ચાતુર્માસમાં આપણા સાધુ ભગવંતો, મહાસતીજીઓ સ્થિરતાવાસ કરે છે. પ્રભુ મહાવીરે પ્રરૂપેલા આપણા ધર્મની આ સાધુ ભગવંતો આપણને વ્યાખ્યાન દ્વારા મહત્તા સમજાવશે. આપ સૌ પણ આ સાધુ ભગવંતોની વૈયાવચ્ચ કરી તથા તપ આરાધના દ્વારા આપના જીવનને ધર્મમય બનાવી જીવનને સાર્થક બનાવજો. સાથે સાથે આપણાં બીજા કર્તવ્યો એટલે કે દાન તથા સાધર્મિક ભક્તિમાં પણ આપ સૌ રંગાઈ જાઓ એવી શુભકામના.

પ્રણામ

*લિ. પ્રફુલ વી. કામદાર*

*ચૅરમૅનઃ જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

---

# Immunity for Community ના થીમ સાથે ઈન્ટરનેશનલ યોગ દિવસની ઉજવણી

જેજેસી નોર્થ ઈસ્ટની આગેવાનીમાં જેજેસીના મુંબઈ તેમજ ગુજરાતના લગભગ ૧૦૦ સેન્ટરોએ સાથે મળી ''ઈન્ટરનેશનલ યોગ દિવસ''ની ઉજવણી તા. ૨૧ જુન ૨૦૨૧ના રોજ Zoom તેમ જ યુટ્યુબના માધ્યમથી કરેલ.

મુખ્ય કાર્યક્રમ ઘાટકોપર ખાતેની રાષ્ટ્રીય શાળાના એ.સી. હોલમાં યોજવામાં આવેલ જ્યાંથી zoom તેમ જ યુટ્યુબના માધ્યમથી સંપૂર્ણ વિશ્વમાં લાઈવ પ્રસારણ દ્વારા ઉજવવામાં આવ્યો. Immunity for Communityના થીમ સાથે યોગગુરૂ અનીલ આશર અને તેમની ટીમે ખૂબ જ સરળ યોગાસનો સાથે ફેફસાને મજબૂત કરે તેવી યોગ ક્રિયાઓ કરાવી. તેમણે સમજાવ્યું કે આપણાં ફેફસાં ૭ લીટર જેટલી હવા અંદર લઈ શકે તેવી કેપેસીટી ધરાવે છે પરંતુ આપણે ફક્ત ૧ લીટર જેટલી જ હવા શ્વાસમાં લઈએ છીએ.

આ પ્રસંગે જેજેસી સેન્ટ્રલ બોર્ડના હોદ્દેદારોએ હાજર રહી પ્રસંગને શુભેચ્છા પાઠવેલ, તેમજ zoom દ્વારા પણ અનેક આગેવાનોએ પ્રોત્સાહન આપેલ અને યોગના આવા વધુ કાર્યક્રમોનું આયોજન કરી સમાજની તંદુરસ્તી માટેના પ્રયત્નો કરવા જણાવેલ.

કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ શ્રી રમેશભાઈ મોરબીયા તેમ જ તેમની સમગ્ર ટીમ માટે શુભેચ્છાઓનો વરસાદ Whatsapp, SMS તેમ જ યુટ્યુબની કોમેન્ટમાં દેખાયેલ.

## જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

### AUGUST CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Bilimora | 03-08-2013 | Mukesh Mehta | 9824399819 | Nitin Mehta | 9824180408 |
| 2 | Gandhidham | 11-08-2002 | Mahesh Puj | 9825361199 | Mital Shah | 9825321270 |
| 3 | Rapar | 11-08-2002 | Jayesh Doshi | 9879032600 | Nilesh Doshi | 9825622999 |
| 4 | Coimbatore | 15-08-1999 | Surendra Shah | 9843095954 | Mukesh Sanghani | 9003949928 |
| 5 | Pedder Road | 20-08-1996 | Rajesh Shah | 9969053005 | Dilip Shah | 9820369690 |
| 6 | Thara | 26-08-2007 | Dinesh Shah | 9824071229 | Navin Shah | 9408660662 |
| 7 | Golden Garodia | 28-08-1988 | Rahul Desai | 9322650777 | Ashwin Khandhar | 9320102161 |
| 8 | Ladies Wing Mumbai (E) | 31-08-1996 | Dhanlaxmi Morabia (Vice President) | 9930005080 | Vrunda Shah | 7977725973 |

### JJC CENTRAL BOARD



**Name :** Anilbhai G. Doshi

**Date of Birth :** 01-08-1948

**Mobile No. :** 9324081810

**Email ID :** doshianil40@gmail.com

### JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name :** Amit Kothari

**Date of Birth :** 26-08-1967

**Mobile No. :** 9004880001

**Email ID :** amit@adkothari.com

# JBW / જેજેસી બીઝનેસ વર્લ્ડ એપ

જેજેસી સેન્ટ્રલ બોર્ડ દ્વારા એક નવું ક્રાંતિકારી પગલું એટલે ''જેજેસી બીઝનેસ વર્લ્ડ એપ.'' આપણા જેજેસીનો જે બહોળો પરિવાર દેશ અને દુનિયામાં પથરાયેલો છે તેના સભ્ય પરિવારો ધંધાકીય રોજગારના હેતુથી એકબીજા સાથે સંકળાયેલા રહે અને એકબીજાને આગળ વધવા કડીરૂપ પૂરવાર થાય એ હેતુથી આ ''જેજેસી બીઝનેસ વર્લ્ડ એપ''ની શરૂઆત કરવામાં આવેલ છે. જેજેસીના ઈતિહાસમાં આ શરૂઆતને સુવર્ણ અક્ષરોમાં કંડારવામાં આવશે એ માટે કોઈ બેમત નથી.

આ એપનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આપણા દરેક સેન્ટર્સના જેજેસી સભ્યો પોતાના બીઝનેસ વિષેની માહિતી આ એપ પર નોંધાવી શકશે જેની માટે તેઓએ કોઈ પણ પ્રકારનો ચાર્જ આપવાનો નથી. આ એપ પરથી તમે તમને જરૂરિયાતવાળા ધંધા-રોજગાર-નોકરીની તકો વિગેરે વિષે માહિતી મેળવી તેની સાથે તમારો ધંધાકીય સંબંધ સ્થાપી શકશો. ટૂંકમાં આપણા સભ્ય પરિવારો એકબીજાની સાથે ધંધાકીય રીતે જોડાઈ જશે અને પોતાની જરૂરિયાતો એકબીજાને મદદ કરી મેળવતા દરેકનો વિકાસ સધાશે. સ્વાવલંબી અને આત્મનિર્ભર બનવા તરફનું પગથિયું દરેકને અહીં મળશે. આપણે આપણાં જ જૈન ભાઈ/બહેનોનું ખૂબ જ મોટું બીઝનેસ નેટવર્ક ઉભું કરી શકીશું અને એકબીજાને પગભર કરવા માટે નિમિત્ત બનીશું.

અત્યાર સુધીમાં લગભગ ૩૦૦ થી વધુ સભ્યો આ એપ પર પોતાના બીઝનેસને નોંધાવી ચૂક્યા છે. આપ સૌ સભ્યો જે હજુ જોડાયા નથી તેઓને અને ખાસ વિનંતી કરીએ છીએ કે આપ પણ જેજેસી બીઝનેસ વર્લ્ડ એપ પર તમારું રજીસ્ટ્રેશન કરાવો અને તમારા બીઝનેસ. વ્યવસાયને પ્રગતિના પંથ પર લઈ જવાની આ ઉજળી તકનો એક અવિભાજ્ય હિસ્સો બનો. વગર કોઈ ખર્ચે ઓનલાઈન તમારા બીઝનેસની વૃદ્ધિ કરવાનો આ અમૂલ્ય અવસર તમને સાંપડ્યો છે તેના વધુમાં વધુ રીતે ઉપયોગ કરી તમારા જીવનમાં અને રોજગારમાં ઉન્નતિના શિખરો સર કરવા માટે આ અભિયાનમાં આપ સૌ જોડાઈ જશો એવી આશા રાખીએ છીએ.

# જૈન વિદ્યાર્થીઓને વિદેશ ભણવા જવા માટે વગર વ્યાજની લોન લેવા શું કરવું ?

ભારત સરકારની ''પઢો પરદેશ'' યોજના હેઠળ સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત માઈનોરીટી કોમ્યુનીટી માટે વિદેશ ભણવા જવા માટે વગર વ્યાજની લોનની યોજના ચાલે છે. આ યોજનાનો લાભ લેવા માટે નીચે મુજબની જરૂરિયાતો / લાયકાત હોવી જોઈએ.

૧) પોસ્ટ ગ્રેજ્યુએટ, માસ્ટર્સ, પી.એચ.ડી માટે તમને વિદેશની યુનીવર્સીટીમાં એડમીશન મળી ગયું હોવું જોઈએ.

૨) જૈન હોવાનો દાખલો (સેલ્ફ ડીકલેરેશન અથવા સ્થાનિક દેરાસર કે ઉપાશ્રયના સંઘમાંથી તેમના લેટરહેડ પર જૈન હોવાનો દાખલો આપવાનો રહેશે.)

૩) વિદ્યાર્થી અને માતાપિતાની કુલ વાર્ષિક આવક ૩-૬ લાખથી ઓછી હોવી જોઈએ.

૪) તેહસીલદારની ઓફીસમાંથી આવકનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે.

૫) ઈંડીયન બેન્કસ એસોસીએશન સંલગ્ન કોઈ પણ બેંકમાંથી લોન માટે અરજી કરી શકશો.

૬) વધુમાં વધુ રૂ. ૨૦ લાખ સુધીની એજ્યુકેશન લોન વગર વ્યાજે મળશે.

૭) તમે જે બેંકમાં લોન માટે અરજી કરો તે બેંકને તમારે ઉપર જણાવેલ ક્રમાંક નં. ૨ તથા ૪ માં જણાવેલ વિગતો બેંકને આપી અને તમારે બેંકને જણાવવું પડશે કે તમારી વિગતો સરકારની ''પઢો પરદેશ'' યોજના હેઠળ છે તથા તમારી બેંકે એ વિગતો સરકારની વેબસાઈટ પર ભરવી પડશે. આ વિગતો વર્ષમાં ફક્ત એક જ વાર ભરવાની હોય છે. ત્યાર બાદ સરકાર વતી કેનેરા બેંક તમારી એજ્યુકેશન લોન પરનું વ્યાજ તમારી બેંકને પરત ચૂકવણી (Reimburse) કરશે.

૮) તમારું ભણવાનું પત્યાના ૧ વર્ષ પછી અથવા નોકરી મળ્યાના ૬ મહિના પછી લોન અને વ્યાજ ચૂકવવાનું શરૂ થશે.

આ અંગેની વધુ-માહિતી માટે આપે સરકારની વેબસાઈટ www.minorityaffairs.gov.in પરથી મળી શકશે. આ વેબસાઈટ પર ગયા બાદ 'schemes' સેક્શનમાં જવું અને એમાં ''પઢો પરદેશ'' સેક્શનમાં આપને સંપૂર્ણ માહિતી આ યોજના અંગે મળી શકશે.

જૈન સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ યોજનાનો અવશ્ય લાભ લેવો જોઈએ એવી અમારી આગ્રહભરી વિનંતી.

# ૭૫મો આઝાદી પર્વ દિવસના અવસરે...

ભારત એક વિશાળ દેશ છે. તેમાં અનેક ધર્મના અનુયાયી, વિવિધ જાતિઓ, વિવિધ ભાષા બોલનારા લોકો રહે છે. વેશભૂષા, ખાન-પાન, બોલચાલની દ્રષ્ટિએ વિવિધતા લક્ષિત થાય છે. પણ આ અનેકતાની પાછળ એકતાની ભાવના ચોક્કસ રહેલી છે. આ અહીંની સામાજીક સંસ્કૃતિની વિશેષતા રહી છે.

એકતાની આ અનુભૂતિએ આપણા સામાજીક, રાજનૈતિક જીવનના નિર્માણમાં મદદ કરી છે. આપણા દેશમાં કોઈ પણ ધર્મ અને મજહબને માનવાની પૂર્ણ સ્વતંત્રતા છે. પણ તેનો અયોગ્ય લાભ ન ઉઠાવવો જોઈએ. ધર્મ અને મજહબ ત્યાં સુધી છે જ્યાં સુધી દેશ સુરક્ષિત છે.

જો દેશની સ્વતંત્રતા જ સંકટમાં પડી જશે તો આપણે અને આપણો ધર્મ ક્યાંય ના નહી રહે. આપણે એ વાતોને પ્રોત્સાહિત કરવાની છે જેના એકતાની ભાવના મજબૂત થાય છે. ભાવનાત્મકતા એકતાની સૌથી મોટી જરૂરિયાત છે.

વાસ્તવમાં માતા અને માતૃભૂમિના મોહથી મનુષ્ય મૃત્યુ સુધી મુક્ત નથી થતો. આ બંનેના એટલા ઉપકાર હોય છે કે માનવ તેમાંથી આજીવન ઋણમુક્ત નથી થઈ શકતો. માતૃભૂમિના સન્માનની રક્ષા માટે તે પોતાનું બલિદાન આપવામાં પરમ આનંદ અનુભવે છે. દેશહિત માટે પોતાનું સર્વસ્વ બલિદાન કરવામાં જે સુખ શાંતિ મળે છે તેનું મૂલ્ય કોઈ સાચો દેશભક્ત જ સમજી શકે છે.

દેશ સેવા અને પરોપકાર જ તેનો ધર્મ હોય છે. દેશવાસીઓના સુખ દુઃખમાં જ તેનું સુખ દુઃખ રહેલું હોય છે. તેની અંતરાત્મા સ્વાર્થરહિત હોય છે. દેશની સર્વાંગીણ ઉન્નતિ માટે સ્વદેશ પ્રેમ પરમ જરૂરી છે. જે દેશના નિવાસી પોતાના દેશના કલ્યાણમાં પોતાનું કલ્યાણ, દેશના અભ્યુદયમાં પોતાનો ઉદય સમજવો જોઈએ.

આજે આપણે ૭૫મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવવા તરફ જઈ રહ્યા છે ત્યારે આપણે સૌએ પણ આપણા હૃદયમાં દેશપ્રેમની જ્યોત ઝળહળતી રાખી દેશના સર્વાંગી વિકાસ માટે પોતાનાથી બનતા દરેક પ્રયત્ન કરવા જરૂરી છે.

# ભારતના આઈ ટી સેક્ટરના મહારથી અઝીમ પ્રેમજી દ્વારા એજ્યુકેશનના ક્ષેત્રમાં માતબર રકમનું દાન

## શૈક્ષણિક સહાયને અગ્રક્રમ



શ્રી અઝીમ પ્રેમજી

તાજેતરમાં જ 'એડલગીવ હરુન ઈન્ડીયા'' દ્વારા ભારતના સૌથી વધુ દાનવીરો વિષે એક સર્વે હાથ ધરવામાં આવેલ અને તેઓએ વર્ષ ૨૦૨૦ના ભારતના સૌથી વધુ ૧૦ દાનવીર દાતાઓના નામની એક સૂચિત જાહેર કરેલ. આ સૂચિ મુજબ વર્ષ ૨૦૨૦માં દાનવીર દાતાઓમાં વિપ્રો લીમીટેડના અઝીમ પ્રેમજી સૌ પ્રથમ નંબર પર છે. અઝીમ પ્રેમજી દ્વારા રૂ. ૭૯૦૪ કરોડ નું વાર્ષિક દાન કરવામાં આવેલ છે. અઝીમ પ્રેમજી પછી બીજા નંબર પર રહેલા દાતાની રકમની દસ ગણી રકમ અઝીમ પ્રેમજીએ વાપરેલ છે. આ સૂચિમાં જે અન્ય નવ વ્યક્તિઓ છે તે આ મુજબ છે. (૧) શિવ નડાર (HCL Technologies) (૨) મુકેશ અંબાણી (રિલાયન્સ ગ્રુપ) (૩) કુમાર મંગલમ બિરલા (આદિત્ય બિરલા ગ્રુપ) (૪) અનિલ અગ્રવાલ (વેદાંત) (૫) અજય પીરામલ (પીરામલ ગ્રુપ) (૬) નંદન નીલકેણી (ઈન્ફોસિસ) (૭) હિન્દુજા બંધુઓ (હિન્દુજા ગ્રુપ) (૮) ગૌતમ અદાણી (અદાણી ગ્રુપ) (૯) રાહુલ બજાજ (બજાજ ગ્રુપ)

આ સર્વે અનુસાર આ દાતાઓ દ્વારા આપવામાં આવેલ દાન વધારે કરીને શિક્ષણના ક્ષેત્રમાં વાપરવા માટે આપેલ છે. આપણાં દેશના આ મોખરાના ઉધોગપતિઓ પણ શિક્ષણનું કેટલું મહત્ત્વ છે તે સમજીને વધુમાં વધુ દાન શિક્ષણ (Education)ના ક્ષેત્રે આપે છે.

આપણે દરેકે પણ આપણા જીવનમાં શિક્ષણને જ મહત્ત્વ આપવું જરૂરી છે કારણકે શિક્ષણના લીધે જ આપણું યુવાધન આજે જે કક્ષાએ પોતાની જાતનેત પહોંચાડી શક્યું છે કે આપણે જાણીએ છીએ કે આપણા ભારતના આવા યુવાધનની માંગ ફક્ત દેશમાં જ નહીં પણ વિદેશોમાં પણ ખૂબ જ છે.

પરિવારનો ફક્ત એક સભ્ય પણ જો ઉચ્ચ શિક્ષણ મેળવી લે તો સમગ્ર પરિવારને તારી લે છે અને એ જ શિક્ષણ મેળવ્યા બાદ એનો પરિવારના અન્ય સભ્યો માટે ઉપયોગ કરે તો એના ફળ દ્વિગુણીત થઈ સમાજને માટે લાભદાયક પૂરવાર થાય છે. અને સમાજ સ્વાવલંબન થકી આત્મનિર્ભરતાના માર્ગ પર અગ્રીમ ક્રમમાં રહે છે.

આપણા જેજેસી દ્વારા પણ છેલ્લા દોઢ હાયકાથી વધુ સમયથી આપણા જૈન પરિવારના યુવાધન માટે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે લોન આપવામાં આવે છે અને જેના ઉમદા પરિણામે સમગ્ર ભારત દેશના જૈન સમાજ તથા અન્ય સમાજ માટે એક ઉત્તમ અને નોંધનીય ઉદાહરણ પુરૂ પાડેલ છે. આજે અમે આપ સૌને ફરીથી અપીલ કરીએ છીએ કે આપ આપના સંતાનમાં રહેલી સુષુપ્ત વિશેષતાઓને પિછાણી તેઓને વધુને વધુ ઉચ્ચ શિક્ષણ લેવા પ્રેરણા આપશો જેથી એ વ્યક્તિ આ ઉચ્ચ શિક્ષણના કારણે ધંધા કે નોકરીમાં ઉજળી તકો મેળવવા સક્ષમ બનશે અને એ દ્વારા એ પોતાના કુટુંબને, સમાજને તથા પોતાના દેશને સક્ષમ અને સ્વાવલંબી બનાવવામાં સિંહફાળો આપશે.

આજે આપણી સંસ્થા પાસે એવા પણ વિદ્યાર્થીઓના ઉદાહરણ છે કે જેઓ આપણે ચાલુ કરેલ શૈક્ષણિક સહાયના સથવારે શિક્ષણ મેળવી આજે પોતાના જીવનમાં - કારોબારમાં ખૂબ જ ઉચ્ચ સ્થાને બિરાજ્યા છે અને તેઓ પોતાની આ માતૃસંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરવાની એક પણ તક જતી નથી કરતા અને જેટલી સહાય લીધી હતી તેના કરતાં અનેક ગણું વધુ અનુદાન આપણી સંસ્થાને આપી રહ્યા છે.

આપણા દેશના અગ્રણી ઉધોગપતિઓની જેમ જ આપણી સંસ્થા સાથે જોડાયેલ દરેક સભ્ય પરિવારોની અમે નમ્ર વિનંતી કરીએ છીએ કે આપ પણ દર વર્ષે આપની કમાણીના અમુક ટકા રકમ શૈક્ષણિક સહાયતા અભિયાનમાં અનુદાન તરીકે આપી આપણા જેજેસી દ્વારા ચાલતા આ શિક્ષણના યજ્ઞને ઝળહળતો રાખશો.

# કોવિડ - ૧૯નો રહસ્યમય ઈતિહાસ

ડૉ. બીપીન દોશી



ઈતિહાસનો અર્થ છે કે જે ચોક્કસ રીતે બન્યું છે તેની નોંધ. આ દૃષ્ટિએ જોઈએ તો કોવિડ-૧૯નો ઈતિહાસ રહસ્યમય અને અનેક પ્રશ્નોના જવાબ વગરનો છે. સંશોધકો માટે આ એક શોધનો વિષય છે. વૈજ્ઞાનિકો આ વાયરસ વિશે જેટલું જાણે છે તેના કરતાં વધારે અજાણ છે. સાચો ઈતિહાસ તો ખરેખર શું હશે એ તો ભવિષ્યના ગર્ભમાં છે. આ વાયરસ કુદરતી રીતે બન્યું કે પછી કોઈ જૈવિક આક્રમણનો પ્રયોગ છે તે કહેવું મુશ્કેલ છે. ચીનની વાત હોય ત્યારે એ દેશની ઘટના વિશે ચોક્કસ પણે કહેવું એ આકાશમાં ફૂલો ઉગાડવાની કલ્પના જેવું છે. આમ છતાં આ વાયરસ વિશે જે કાઈ માહિતી છે તે આપણે જાણીએ.

કોરોના વાયરસ એક ''વાયરસ ગ્રુપ'' છે. જેની પ્રથમ ઓળખાણ ૧૯૬૫માં આપણને થઈ. સામાન્ય રીતે આ વાયરસ શર્દી અથવા ફ્લુ જેવા રોગ માટે કારણભૂત છે પણ એમાંના કોઈ પ્રકારના વાયરસ ખૂબ જ ભયાનક બીમારી લાવી શકે. વર્ષ ૨૦૦૨માં ચીનના દક્ષિણ ભાગમાં આ ગ્રુપનો SARS વાયરસ જણાયો જે ૨૮ દેશોમાં પ્રસરેલ અને આશરે ૮૦૦ લોકોના મૃત્યુ થયેલ. આ જ ગ્રુપનો બીજો વાયરસ MERS ૨૦૧૨માં જણાયો જેની શરૂઆત સાઉદી અરેબિયામાં થઈ અને આશરે ૮૦૦ લોકોના મૃત્યુ થયા.

હવે જાણીએ આજની મહામારી જેનાથી ફેલાય છે તે SARS-COV અથવા કોવિડ-૧૯નો ઈતિહાસ કહેવાય. છે કે આ વાયરસનો પ્રકાર ૨૦૧૯માં નવેમ્બર મહિનામાં સૌ પ્રથમ વુહાન ચીનમાં ચામાચિડિયામાં જણાયો. વુહાનમાં એક બજાર છે જેમાં જાત જાતના પ્રાણીઓ, પક્ષીઓ, જાનવરો વગેરેનું તાજું માંસ વેચાય છે. ત્યાં અજગર, ઉંદર, ખિસકોલી, રિંછ, માછલી, કુતરા - અરે ન કલ્પી શકાય તેવા જાતજાતના અને ભાતભાતનાં પશુ-પક્ષીઓના માંસ અને તેના અવયવો વેચાય છે.

આ બજારનું ચિત્ર આપણા જેવા શાકાહારી લોકો જુએ તો ધ્રાસકો પડે, એવી ઊલટી થાય કે થોડા દિવસ તો બીમાર પડી જઈએ અને દિંદગીમાં જ્યારે પણ એ દ્રષ્ય વિચાર આવે ત્યારે બેબાકળા બની જઈએ. આ જીવોને ક્રૂર રીતે કણસતાં કેમ જોઈ શકાય? તેના જાતજાતના અવયવોને ભેગા કરી જેમ આપણે સલાડ બનાવીએ તેમ આ લોકો આ અવયવોની જાતજાતની રેસીપી બનાવે છે. આ વાંચતા પણ

આપણને ખરેરાટી છૂટે છે.

કહેવાય છે કે, આવી પરિસ્થિતિમાં આ વયરસ એક પ્રાણીથી બીજા પ્રાણીમાં જતાં જતાં તેમાં પરિવર્તન થયું. (વૈજ્ઞાનિક ભાષામાં તેને mutation કહે છે) અને ત્યાંથી જન્મ થાય છે નવેમ્બર ૨૦૧૯માં ઘાતક વાયરસ કોવિડ-૧૯નો. આ વાયરસમાં બેટ એટલે કે ચામાચીડિયું અને પેંગોલિન અથવા તો કીડીખાવ પ્રાણીનો કેટલો ભાગ છે તે જાણવું મુશ્કેલ છે. WHO એ માર્ચ ૨૦૨૦માં આ બીમારીને "Pandemic" અથવા ‘‘વિશ્વ મહામારી’’ તરીકે જાહેર કરી.

આ વાયરસના સંક્રમણનો ભોગ અત્યાર સુધીમાં ૧૮ કરોડ લોકો થયા છે અને તેમાંથી ૩૯ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. આ ઘટનાનો ઈતિહાસ અધૂરો છે ભવિષ્યમાં શું થશે તે અકળ છે.

ભૂતકાળમાં ઈબોલા કે એચઆઈવી જેવી બીમારીનું કારણ જંગલી પ્રાણીઓનું બજાર હતું કોવિડ-૧૯ પણ આવા પશુ બજારનું જ પુનરાવર્તન છે. એ નિશ્ચિત છે કે પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા માનવજાતને ભારે પડી રહી છે. શ્રીકૃષ્ણ ભગવાન ગયને માતા માને છે, ગણેશજીનું વાહન ઉંદર છે, વિષ્ણુનું વાહન ગરુડ છે. એવા અહિંસક દેશની માટે કે ભારતીય સંસ્કૃતિ માટે આ ઘટના અસ્વીકાર્ય છે અને દુઃખદ છે.

વિશ્વ પ્રખ્યાત જાસૂસ વાર્તા લેખક જોહન લેકેરે અનેક જાસૂસ કથાઓ લખેલ છે. કોવિડ-૧૯નો ઈતિહાસ પણ એક જાસૂસી વાર્તા જેવો જ હશે. તેમાં ઘણી વણઉકેલ કડિઓ હશે. જાતજાતના મંતવ્યો હશે કે પછી વાદ-વિવાદો હશે પણ એક વસ્તુ ચોક્કસ છે કે આવડા સૂક્ષ્મ કીટાણુંએ આખી માનવજાતને બાનમાં રાખી છે. માનવની કહેવાતી સર્વોપરિતા સામે આ એક પડકાર છે. કુદરતનો ઈશારો પણ સ્પષ્ટ છે. માનવજાતે પણ આ પડકાર સામે લડવા કમર કસી છે. આ ઘટનાથી માણસજાત કંઈક શીખે અને તેનામાં વિજ્ઞાન (Science) અને આધ્યાત્મિકતા (Spirituality) નો સમન્વય થાય તો આ ક્રુર ઈતિહાસ પણ વરદાન બની જશે!

– ડૉક્ટર બીપીન દોશી

# મારી કેફિયત

સર્જકને સ્વીકૃતિની ઝંખના હોય છે. મને પણ આ ઝંખના છે. પરંતુ સ્વીકૃતિ અનિવાર્ય નથી. ખરો મહિમા સાધનાનો છે. રામકૃષ્ણ પરમહંસની ઉપમા લઈને કહું તો લવણનાં પૂતળાં જેવા આપણે સાગરનું ઊંડાણ માપવા નીકળ્યા છીએ. એ ઊંડાણ તો તદ્રુપ થયા પછી જ માપી શકાય. પણ સર્જકે થોડું વિશેષ કરવાનું છે.

લવણની પૂતળી તદ્રુપ થયા પછી કહેવા આવતી નથી. સર્જકે તદ્રુપ થવાનું છે અને પાછા પોતાના અસલ પિંડને જાળવી રાખી જે કંઈ દર્શન પ્રાપ્ત થયું હોય એની વાત કરવાની છે.

હું લખ્યા વિના જીવી નથી શકતો એ સાચું, પણ લખું છું એમાં જ સમગ્ર જીવનનો વ્યાપ આવી જાય છે, એવા ભ્રમમાં નથી. જીવન મારી સર્જકતાના આરંભ પહેલાં અનાદિથી હતું. આ અવતાર પૂરતી મારી સર્જકતા થંભી જશે, ત્યાર પછી પણ અનંત સુધી વિસ્તરશે.

– હરીન્દ્ર દવે

# જૈન જાગૃતિ સેન્ટરોની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર

## જૂનાગઢ

છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની મહામારીના કારણે દરેક સભ્યોને સાથે ભેગા કરી કાર્યક્રમ આપવાનું કામ કઠીન થઈ ગયેલ છે. એવા સમયે જેજેસી-જૂનાગઢના કમિટિ સભ્યોને વિચાર આવ્યો કે આપણે આપણા સભ્યોને કાર્યક્રમના બદલે સ્વાદિષ્ટ ભોજનનું પાર્સલ આપીએ. અને એ પ્રમાણે નક્કી કર્યા બાદ તા. ૨૦.૬.૨૦૨૧ રવિવારના દિવસે સાંજે દરેક સભ્યોને ફુડ પાર્સલની સુવિધા સેન્ટર તરફથી કરવામાં આવેલ. આ રીતે દરેક સભ્યોને ભેગા કર્યા વગર તથા સોશ્યલ ડિસ્ટન્સ જાળવી સ્વાદિષ્ટ ભોજન આપી એક નવતર પ્રયોગ કરી સભ્યોને આનંદિત કર્યા.

## ભૂજ

જેજેસી ભૂજ દ્વારા તા. ૨૫.૬.૨૦૨૧ શુક્રવારના રોજ સભ્ય પરિવારો માટે કોવિડ-૧૯ રસીકરણ કેમ્પનું આયોજન સવારે ૯.૩૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન શ્રી મહાવીર જૈન બોર્ડિંગ, ભૂજ ખાતે કરવામાં આવેલ. ૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ માટે આ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. અગાઉથી નામ નોંધાવી રજીસ્ટ્રેશન કરાવવા માટે સભ્યોને જણાવવામાં આવેલ તથા કેમ્પના દિવસે ઓન-ધ-સ્પોટ રજીસ્ટ્રેશનની સુવિધા પણ પૂરી પાડવામાં આવેલ. આ રસીકરણ કેમ્પમાં 'કોવિશીલ્ડ' રસીનો ડોઝ આપવામાં આવેલ.

## રાપર

જેજેસી રાપર દ્વારા સભ્યો માટે નિઃશુલ્ક યોગ ટ્રેનર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમ શિબિર ૧ મહિના માટે યોજેલ છે, જે તા. ૧.૭.૨૦૨૧ થી ૩૧.૭.૨૦૨૧ સુધી રહેશે. આ તાલીમ શિબિરમાં ઉંમર વર્ષ ૧૫ થી ૬૦ સુધીના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. યોગ કોચ શ્રી મહેશભાઈ સોલંકી આ તાલીમ શિબિરનું સંચાલન કરશે. રાપરના વિવિધલક્ષી પ્લોટ, ન્યાયકોર્ટ રોડ ખાતે દરરોજ સવારે ૬ વાગ્યાથી આ તાલીમ શિબિર યોજાશે.

## વાપી

જેજેસી - વાપીએ તેના ૧૩માં ચાર્ટર ડે (તા. ૨૮.૬.૨૦૨૧)ની ઉજવણી એક નવતર પ્રયોગ સાથે કરેલ. તા. ૨૮.૬.૨૦૦૮ના સ્થપાયેલ આ સેન્ટર આજે તેના અસ્તિત્વના ૧૩ વર્ષ ઉજવી રહ્યું છે. ત્યારે તેમના પૂર્વ પ્રમુખોએ સેન્ટરની પ્રગતિમાં જે ઉમદા યોગદાન આપ્યું છે તેને વર્તમાન પદાધિકારીઓ હૃદયના ઉંડાણથી અભિનંદન આપી રહ્યું છે. જેજેસી વાપીના સાન્નિધ્યમાં જેજેસી લેડીઝ વીંગ પણ ખૂબ જ સફળતાપૂર્વક ચાલી રહ્યું છે.

સેન્ટરે તેમના ૧૩માં ચાર્ટર ડેની ઉજવણી રૂપે દરેક સભ્યોને પ્રથમ વખત એક સરપ્રાઈઝ ગીફ્ટ આપવાનું આયોજન કરેલ છે. દરેક સભ્યોને વોટ્સએપ / મેસેજ દ્વારા એક Secret Code મોકલવામાં આવ્યો હતો. આ કોડ લઈને સેન્ટરે નીયત કરેલા સ્થળે તા. ૪.૭.૨૦૨૧ રવિવારના રોજ સભ્યોએ પોતાની સરપ્રાઈઝ ગીફ્ટ મેળવી લીધેલ.

સેન્ટર દ્વારા આ ગીફ્ટ વિતરણ આયોજનમાં કોવિડ-૧૯ના દરેક નિયમોનું ચુસ્તપણે પાલન કરેલ.

આ સરપ્રાઈઝ ગીફ્ટ ખૂબ જ ટૂંકા ગાળામાં તૈયાર કરી આપવા બદલ સેન્ટરના પૂર્વ પ્રમુખ શ્રી સંજીવભાઈ મડીયા (મીરેકલ કોર્પોરેટ ગીફ્ટ કું)નો આભાર માનવામાં આવે છે.

## જેજેસી લેડીઝ વિંગ ભાવનગર

કોરોના મહામારીના આ વિષમ કાળમાં ઘણાં સમયથી કોઈપણ કાર્યક્રમનું આયોજન શક્ય થયું નહોતું પણ તાજેતરમાં જ થોડો સુધારો થતા જેજેસી લેડીઝ વિંગ ભાવનગર દ્વારા સભ્યો માટે મ્યુઝીકલ હાઉઝી અને અન્ય ગેઈમ્સનો એક કાર્યક્રમ તા. ૧૦-૭-૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ કલાક સુધી સ્નેહ ભોજનનું આયોજન કરવામાં આવેલ ત્યાર બાદ મ્યુઝીકલ હાઉઝી અને ગેઈમ્સના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ઘણાં સમય બાદ આ કાર્યક્રમનું આયોજન થયું હોવાને કારણે સભ્યોએ ખૂબ જ ઉમદા પ્રતિસાદ આપેલ અને કાર્યક્રમને ખૂબ જ સફળતા પ્રાપ્ત થયેલ.

# જુહુ બીચ



જેજેસી જુહુબીચ દ્વારા તા. ૨૫/૨૬ જુન ૨૦૨૧ના રોજ નિઃશુલ્ક કોવીડ રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું જીઓ-જુહુ સાંતાક્રુઝના સથવારે આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમને પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી નયપદ્મસાગર મહારાજ સાહેબના આશિર્વાદ મળેલ હતા. આ રસીકરણ કેમ્પના આયોજન માટે સ્થાનિક વિધાન સભ્ય શ્રી અમીત સાટમનો સહકાર સાંપડેલ. આ રસીકરણ કેમ્પમાં ૨૦૦૦ વ્યક્તિઓને કોવિડ-૧૯ ની રસી આપવામાં આવેલ.

# ઉપલેટા

જેજેસી ઉપલેટા દ્વારા તા. ૨૭.૬.૨૦૨૧ના રોજ નોટબુક તથા ચોપડી વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમ અંતર્ગત ૧૫૦૦૦ ચોપડી તથા ૩૦૦૦ નોટબુકનું રાહતના દરે વિતરણ ઉપલેટાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કરવામાં આવેલ. તથા ખૂબ જ ગરીબ વિદ્યાર્થીઓ માટે ૨૦૦ કિટનું વિતરણ કરવામાં આવેલ જેમાં ૪ નંગ ચોપડી અને ૨ નંગ નોટબુક આપવામાં આવેલ.

આ સિવાય સેન્ટર દ્વારા વિવિધ સેવાના કાર્યો તથા સભ્યો પરિવાર માટેના કાર્યક્રમોનું આયોજન સમયાનુસાર કરવામાં આવી રહેલ છે જેમાં મુખ્યત્વેઃ

- જાહેર ચોકમાં ૯૦ દિવસ સુધી પાણીના પરબની વ્યવસ્થા
- દર ગુરૂવારે રાહદારીઓ માટે શરબતનું વિતરણ
- દર રવિવારે સ્લમ વિસ્તારમાં ૫૦ કિલો છાશનું વિતરણ
- મકરસંક્રાતના રોજ પાંજરાપોળ ખાતે ગાયોને બિરણ, ખોળ, રોટલી તથા રોટલાનું વિતરણ
- બાળકો માટે ૧૧૦૦ બુંદી ગાંઠીયાના પેકેટનું વિતરણ
- ધુળેટીના રોજ સભ્યો માટે એક દિવસીય પીકનીકનું આયોજન તથા રોયલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ.

# સાધર્મિક સ્વાવલંબી યોજના...

## Business Financial Assistant...

પરમકૃપાળુ પ્રભુ વીરના શાસનને પામેલાં સર્વે શ્રાવક શ્રાવિકાઓ ને મુંબઈ સ્થિત જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના બહુમાન પૂર્વકના પ્રણામ.

આ મહામારી અને કુદરતી હોનારતના કપરા કાળમાં હજ્જારો પરિવારો એ કામકાજ, નોકરી, ધંધા, વ્યવસાય અંશતઃ કે પૂર્ણપણે ગુમાવ્યાં છે. એને એથી પણ વધુ દુઃખદાયક તો એ છે કે અનેક પરિવારો એ પોતાના વ્હાલસોયાં ને ગુમાવ્યાં છે.

જૈન જાગૃતિ પરિવાર એ દરેક પરિવારજનો સાથે દુઃખ ભરી લાગણી અનુભવે છે.

વિદેશ (USA)થી  આવતા આ દ્રવ્ય દ્વારા આવા મહત્તમ પરિવારોની વિશેષ ભક્તિ કરવાની ભાવના છે

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ પરિવાર એ સહુ પરિવારોની ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન ભક્તિ કરવાની ખેવના ધરાવે છે.

આ યોજનામાં જે પરિવારને ધંધાકીય માટે લોન જોઈતી હોય તે પરિવારને વધુમાં વધુ બે લાખ રૂપિયા સુધીની લોન આપવાનું નક્કી કરેલ છે.

જેજેસીના ૧૭૦થી પણ વધારે સેન્ટરો છે. જેજેસી સેન્ટ્રલ બોર્ડ તથા ટ્રસ્ટના વિવિધ કાર્યોમાં જેજેસીના દરેક સેન્ટર તેમનો હિસ્સો જે આપેલ છે તે પ્રમાણે દરેક સેન્ટ્રરને ફોર્મ આપવામાં આવેલ છે.

કક્ષા - A      કક્ષા - B      કક્ષા - C

આ સાથે જે સેન્ટરોને જે કક્ષામાં મૂકવામાં આવેલ છે તે પ્રમાણે ફોર્મ મોકલવામાં આવ્યું છે. એ ફોર્મ જે પણ ભરશે તેમણે તમારા સેન્ટરને આપવાનું રહેશે એ આપે તે સેન્ટ્રલ બોર્ડની ઓફિસમાં મોકલવાનું રહેશે.

### પુણ્યશાળી (નિયમો)

- ઝેરોક્ષ ફોર્મ મંજુર કરવામાં આવશે નહી.
- તમારા ગામમા / એરીયાના જે સાધર્મિક હશે એ ખાસ ''કરોના પિડિત'' પરિવારમાં મુખ્ય વ્યક્તિ ''અરિહંતશરણ'' થઈ હશે. તેમને જ પહેલો PREFERENCE આપવામાં આવશે.
- જેજેસી સેન્ટરના પ્રમુખ તથા કોઈપણ કમિટિ સભ્યએ ગેરન્ટી આપવાની રહેશે.
- જો કોઈ ફોર્મ અધુરૂ હશે તો તે રદબાતલ કરવામાં આવશે.
- ટ્રસ્ટ બોર્ડનો નિર્ણય આખરી ગણાશે.

| | |
|---|---|
| જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટબેલ ટ્રસ્ટ | જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ |
| જીતેન્દ્ર એસ. કોઠારી | પ્રફુલ વી. કામદાર |
| ચૅરમેન | ચેરમૅન |

# बेटी तू है दो घर का चिराग

बेटी... वह स्नेह का सागर होती है। जिस घर में बेटी होती है, उस परिवार में जिंदगी की खुशियां बसती है। बेटी की हर भूमिका परिवार और समाज की भावी रूपरेखा तैयार करती है। या यूं कहें कि उसके बिना अधूरी है जिंदगी। अधूरी इसलिए क्योंकि बेटी नहीं होगी तो कोई भी वंश आगे नहीं बढ़ सकता। किसी भी घर के जीवन को गढ़ने में बेटी बहुत बड़ी भूमिका होती है। सबसे पहले वह बेटी, फिर बहन, फिर बुआ, फिर बहू, फिर मां, फिर सास उसके बाद चाची, मामी, दादी, नानी और ना जाने कितने ही रिश्ते... रिश्तों के साथ बेटी जीती है। हर रिश्ते में वह जीवन को संभालनेवाली होती है, इसलिए समाज में बेटी की भूमिका सबसे महत्वपूर्ण है।

बेटे के बजाय बेटी को ज्यादा जिम्मेदार, ज्यादा सहनशील एवं ज्यादा संस्कारित होना चाहिए। क्योंकि बेटा एक घर का चिराग होता है मगर बेटियां दो घरों को रोशन करती है। इसलिए उनकी भूमिका बहुत संतुलित होनी चाहिए। बेटी दो परिवारों के बीच की कड़ी है। उसी से दो परिवार जुड़ते हैं। परिवारों के संबंध मजबूत करने में बेटी जो भूमिका निभाती है, वह और कोई नहीं कर सकती। भावुक क्षणों में उसे एक स्नेहिल भूमिका निभानेवाली महिला की तरह होना चाहिए साथ ही कठिन घडी में शक्ति स्तंभ तरह उसे परिवार के साथ खड़ा रहना चाहिए। बेटी संबंधो के संतुलन का आधार होती है।

बेटी अगर अविवाहित है, तो उसे अपनी मां के हर घरेलु काम में हाथ बंटाने से लेकर पिता के काम में भी सहयोग करना चाहिए। जिससे माता पिता की सहयोगी के रूप में उसे बहुत कुछ सीखने को मिले। अगर घर में छोटी बहनें हो तो उनकी गार्डीयन की भूमिका उसे निभानी चाहिए, जिससे माँ का भार कम हो। घर में भाभी हो तो हर बेटी को भाभी की सहेली बनकर उनके अकेलेपन को दूर करने का प्रयास करना चाहिए। जिस घर में कभी कोई संकट आ ही नहीं सकता। वे दोनों मिलकर घर को अच्छी तरह से संभाल सकती है।

बेटी की भूमिका घर में सभी के आपसी रिश्तों को संजोने से लेकर बच्चों को संस्कारित करने तक, बड़े बुजुर्गों की देखभाल से लेकर स्वयं के जीवन को दिशा देने की होती है। इन सभी अलग-अलग रुपों में बेटी जीवन भर घर के बाकी सदस्यों का जीवन संवारनेवाली महिला के रूप में रहती है। बेटी जब थोड़ी बड़ी हो जाए तो उसे पिता की छोटी बहन और जरुरत पड़ने पर माता की जिम्मेदारीवाली भूमिका निभानी चाहिए, जिससे पूरे घर की भावनात्मक शक्ति और मजबूत होती है।

